Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




પુસ્તક : ૯૭ ✠ અંક ૩-૪

પોષ-મહા

જાન્યુઆરી-ફેબ્રુઆરી : ૨૦૦૦

✠ આત્મ સંવત : ૧૦૪ ✠

卐

✠ વીર સંવત : ૨૫૨૬ ✠

卐

✠ વિક્રમ સંવત : ૨૦૫૬ ✠


धर्मो ह्यहिंसामवलम्बमानो हिंसात आविर्भविता कथं नु ? ।
न वारितो हि प्रभवन्ति पाथो- रुहाणि वह्योर्जनिमाप्नुवन्ति ।

ધર્મની સિદ્ધિ અહિંસાના પાલન પર નિર્ભર છે,
પછી તે હિંસાથી કેમ થાય ?
પાણીમાં ઉત્પન્ન થનાર કમળ અગ્નિમાંથી કેમ પેદા થઇ શકે ?

Merit (Dharma) which accrues from non-iujury, can never accrue from injury, Lotuses which grow in water, can never have their growth in fire.

( કલ્યાણભારતી ચેપ્ટર-૫ : ગાથા-૪૨ * પૃષ્ઠ ૩૪૬ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | તુજ ગુણ ગાવા રે....(કાવ્ય) .... .... | રજુકર્તા : મુકેશ સરવૈયા | ૨૫ |
| (૨) | જીવન સાગરને તરવા હળવા ફુલ થવું જરૂરી છે.... .... | —મહેન્દ્ર પુનાતર | ૨૭ |
| (૩) | પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો (ગતાંકથી ચાલુ * હપ્તો : ૧૭મો) .... | — | ૩૧ |
| (૪) | ફાગણ શુદ તેરસની પાલીતાણા-શત્રુંજયની છ ગાઉની યાત્રા .... .... | —શ્રી દિવ્યકાંત સલોત | ૩૫ |
| (૫) | શ્રી જૈન આત્માનંદ સભા આયોજિત યાત્રા પ્રવાસ .... .... | અહેવાલ : મુકેશ સરવૈયા | ૩૬ |
| (૬) | કરેલા કરમ કોઈનેય છોડતાં નથી .... | —શ્રી મનુભાઈ ગઢવી | ૩૮ |
| (૭) | અહિંસા .... .... | — નરોત્તમદાસ અમુલખરાય કપાસી | ૪૨ |
| (૮) | માનવતા શત્રુતાને નથી ઓળખતી .... | —લક્ષ્મીકાંત છ. સંઘવી | ૪૬ |


આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

## (૧) શ્રીમતિ વિલાસબેન જે. શેઠ (સાવરકુંડલાવાળા)

## [હાલ : સાયન–મુંબઇ–૨૨]

## (૨) શ્રીયુત ચંદ્રકાંતભાઈ બાબુલાલ શાહ – હૈદ્રાબાદ

## સાવધાન રહેજો....

નીંદર લેવા માટેની આપણી પથારી સુલાયમ અને કુણી હોય.... આપણા જ બગીચામાં
વાવેલા ગુલાબ–ચંપાની સુવાસ બારીમાંથી આવતી હોય....
જમ્યા પછી સુગંધીદાર પાન ખાતા ખાતા સરસ મજાની મનગમતી કેસેટ
પથારીમાં બેસીને સાંભળતા હોઇએ ત્યારે જો મસ્તક ઉપર
સુતરના કાચા તાંતણે બાંધેલી ખુલ્લી તલવાર લટકતી હોય તો?.... બધું જ નિરસ....
સંસારના બધા જ કહેવાતા સુખોને નિરસ બનાવી દેતી મોતની લટકતી તલવાર
આપણા શિરે પ્રત્યેક પળે લટકાયેલી જ છે.... એક જ પળ અને ખેલ ખતમ....
સાવધાન થવાની જરૂર છે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ



## તુજ ગુણ ગાવા રે....

( રાગ : જય જગદીશ હરે.... )

જય શંખેશ્વર સ્વામી , પ્રભુ શંખેશ્વર સ્વામી;
ચરણ કમળ તારા સેવીને, ઉભો શીર નામી. ॥ ૧ ॥

તુજ નામે દુઃખ દૂર થાયે, સુખ સહુ કોઈ પામે,
સ્વામી સુખ સહુ કોઈ પામે;
તુજ ગુણગાન જે ભાવે ગાયે, અવિચળ સુખ પામે. ॥ ૨ ॥

તુજ સરીખો નહિ દેવ જગમાં, પરમ દયાળુ દેવ,
સ્વામી પરમ દયાળુ દેવ;
સુરનર મુનિવર ભાવ ધરીને, કરતા તારી સેવ. ॥ ૩ ॥

ત્રણ જગતનો સ્વામી પ્રભુ તું, સહુનો તારણહાર,
સ્વામી સહુનો તારણહાર;
હાથ જોડીને અરજ કરું છું, ઉતારો ભવથી પાર ॥ ૪ ॥

જે કોઈ તારું ધ્યાન ધરશે, ભવથી એ તરસે,
સ્વામી એ ભવથી તરસે;
ગાયે સેવક શર્મા તમારો, આશા સહુ ફળશે. ॥ ૫ ॥

રજૂકર્તા : **મુકેશ સરવૈયા**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**મૈત્રીભાવનું પવિત્ર ઝરણું...**

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારૂં નૃત્ય કરે;
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે.
દીન, ક્રુર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે;
કરૂણાભિની આંખોમાંથી, અશ્રુનો શુભ શ્રોત વહે
માર્ગ ભુલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું;
કરે ઉપેક્ષા એ મારગની, તો એ સમતા ચિત્ત ધરૂં.
વીર પ્રભુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે;
વેર-ઝેરના પાપ ત્યજીને, મંગળ ગીતો સહુ ગાવે.

'**શ્રી આત્માનંદ પ્રકાશ**' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સહ....

## શાહ શાંતિલાલ લાલચંદ-હારીજવાળા

"શાંતિ સદન", ૧૩૨-વિજયરાજનગર, શાસ્ત્રીનગર સામે, ભાવનગર-૩૬૪૦૦૩
ટેલીફોન નં. : ૪૩૦૬૭૬

---

'**શ્રી આત્માનંદ પ્રકાશ**' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

卐 ડી. એલ. શાહ 卐

卐 પ્રેસર કુકર, સીલીંગ ફેન, પલંગ, ઘડીયાળ, મીક્ષ્ચર, સ્ટીલ વાસણ સરળ હપ્તેથી ખરીદવા માટે મળો.

卐 ઇમ્પોર્ટેડ ફ્લાવર, થર્મોવેર, ક્રોકરી વેર, ફેન્સી પર્સ, ગીફ્ટ આઇટમ, કાર્ડસ્ તથા હોમ એપ્લાયન્સની અનેક વિવિધ વેરાઇટીઓ....

## ધનલક્ષ્મી એજન્સી ડીપાર્ટમેન્ટ

卐 કાવેરી કોર્પોરેશન, નવાપરા, ભાવનગર ૩૬૪૦૦૧
卐 હવેલીવાળી શેરી, વોરા બજાર, ભાવનગર ૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૪૨૭૬૦૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવન સાગરને તરવા હળવાફૂલ થવું જરૂરી છે.....



**- મહેન્દ્ર પુનાતર**

શુભચિંતન, મનન અને અનુશરણ માણસને પરમાત્માના દ્વાર સુધી પહોંચાડે છે પ્રકૃતિએ દરેક માણસને શુભ કરવા માટે વધુ શક્તિ આપી છે અને અશુભ કરવા માટે ઓછી ક્ષમતા આપી છે. આમ છતાં માણસ શક્તિ અનુસાર શુભ કાર્યો કરી શકતો નથી કારણકે તેમ કરવાની ઇચ્છા અને કામના નથી. કયારેક શુભ ઇચ્છાઓ જાગે છે, પરંતુ વિપરીત કામનાઓને કારણે શુભ ભાવનાઓનો લોપ થાય છે. શુભ ભાવનાઓ ચાર વખત ભાવી હોય, પરંતુ એક વખત અશુભ ભાવના થઇ જાય તો શુભનો સંકલ્પ એળે જાય છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે 'ચોવીસ કલાક મંગળ ભાવનામાં જ ડૂબેલા રહો. ઉઠતા-બેસતા, શ્વાસ લેતા અને શ્વાસ છોડતા માત્ર મંગળનું જ સ્મરણ કરો' શુભનું મંગળનું ચિંતવન માણસને વધુ પારદર્શક બનાવે છે. આપણે સર્વનું મંગળ ઇચ્છતા હોઇએ ત્યારે કોઇના પ્રત્યે રાગ, દ્વેષ કે ધૃણા ઉદ્દભવે નહીં. જે કાંઇ જોઇએ, અનુભવીએ તેમાં શુભ વિચારો આવે. આવી મંગળની ભાવના પરસ્પર પ્રેમ અને સ્નેહના ઝરણાને વહેતા કરે છે. પ્રેમ-સ્નેહ અને ધૃણા-તિરસ્કાર પરસ્પર વિરોધી ભાવો છે. પ્રેમ અને સ્નેહ હોય તો ધૃણા અને તિસ્કાર ઉદ્દભવે નહીં. માણસ જેવી ભાવના ભાવે છે તેવો તે થતો જાય છે. જેવું આપણે વિચારીએ છીએ તેવા આપણે પરિવર્તીત થતા જઇએ છીએ. જેવી ઇચ્છા રાખીએ છીએ તેવું મેળવીએ છીએ. શુભની ઇચ્છા હશે તો શુભ મળશે અને અશુભની ઇચ્છા હશે તો અશુભ મળશે.

## મોહિત અને મૂર્ચ્છિત માણસ સત્ય તરફ ગતિ કરી શકતો નથી

માણસનું કાર્ય તેની ઇચ્છાની પૂર્તિ છે. દુર્ભાગ્યે આપણે ખોટું માગીએ છીએ. પ્રભુ પાસે જે માગવું જોઇએ તે માગતા નથી અને હાથ જોડીને કહેતા રહીએ પ્રભુ 'તું અમને સુખી અને સમૃદ્ધ બનાવજે. અમારી મનોકામના પૂર્ણ કરજે' નકામી વ્યર્થ ચીજો પાછળ આપણે ફાંફાં મારીએ છીએ અને તેની તમન્ના રાખીએ છીએ છેવટે આ બધુ મેળવીને રહીએ છીએ આ બધુ મળ્યા પછી પણ જીવન સમૃદ્ધ થતું નથી, ખાલીપો રહી જાય છે અરિહંતા મંગલ, સિદ્ધા મંગલ, સાહુ મંગલ' એમ કહેતા રહીએ તો એવી આકાંક્ષા જાગશે. જાણે-અજાણ્યે માણસ જેવું ઇચ્છતો હોય છે તે તરફ ગતિ કરતો હોય છે.

મોહિત અને મૂર્ચ્છિત માણસ ગતિ કરી શકતો નથી. તે મોહમાં અને લોભમાં અંધ બની જાય છે. માણસે કોઇપણ વ્યક્તિ કે વસ્તુથી પ્રભાવિત થવાની જરૂર નથી. જયારે આપણે પ્રભાવિત-મોહિત થઇ જઇએ છીએ ત્યારે તે વ્યક્તિ અથવા વસ્તુને તેના યથાર્થ સ્વરૂપમાં સમજી શકતા નથી. કોઇનાથી પ્રભાવિત થવું એ એક બંધન છે, એક બેડી છે. માણસ અકસર પોતાનાથી કાંઇક વિશેષ તત્વ ધરાવનારાઓથી અંજાઇ જતો હોય છે. પ્રભાવ એ વાસ્તવિકતા નથી, ઉપર છલ્લો દેખાવ છે. તે માત્ર આવરણ છે. તેની ભીતરમાં ઉતરીએ તો સાચી પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિનો તાગ મેળવી શકાય. માણસ પ્રભાવિત અને મોહિત બને છે એટલે તે સત્ય તરફ ગતિ કરી શકતો નથી. દરેક વસ્તુને–પદાર્થને તેના ગુણધર્મો છે તે અનુસાર તેમાં ફેરફારો થતા હોય છે ભગવાન મહાવીરે કહ્યું છે કે 'અગ્નિ પોતાના ધર્મમાં હોય છે ત્યારે કોઇ ધુમાડો હોતો નથી' અગ્નિનો, પાણીનો, પદાર્થનો પ્રત્યેકનો પોતાનો ધર્મ છે. પોતપોતાના ગુણ-ધર્મમાં શુદ્ધ થઇ જવું તે આનંદ છે અને તેમાં અશુદ્ધ થવું એ દુઃખ છે.

જીવન માણસની મોટી પ્રયોગશાળા છે.તેમાંથી ઘણું શીખવાનું મળે છે. જેને શીખવું હોય છે તે માત્ર એક અનુભવમાંથી શીખી લે છે અને જેને શીખવું નથી તે અનેક અનુભવોમાંથી પણ કશું ગ્રહણ કરી શકતો નથી. આપણે મોટેભાગે જીવનમાંથી કશુ શીખતા નથી. આપણે આંખો બંધ કરી દીધી છે આજે જે ભૂલો કરી છે તે ફરીથી કરતા રહીશું, પશ્ચાતાપ અનુભવતા રહીશું, દુઃખી થતા રહીશું એ જ આશાઓ અપેક્ષાઓ અને એષણાઓ જેમાંથી કશુ નક્કર ફળીભૂત થવાનું નથી એ બધુ પકડીને આપણે બેઠા છીએ કશું છૂટતું નથી.

જીવનમાં ત્યાગ એટલો સરળ નથી. ત્યાગમાં પણ સમતુલન જોઇએ. ચીજોને છોડી દેવી માત્ર ત્યાગ નથી, પરંતુ તેના પ્રત્યેનો રાગ અને મમત્વ દૂર થવું જોઇએ. તેના પ્રત્યેની આસક્તિ છૂટવી જોઇએ. જેમણે સર્વસ્વનો ત્યાગ કર્યો હોય, પરંતુ અંદરથી જો મોહ દુર ન થયો હોય તો તેમનો ત્યાગ વ્યર્થ બની જાય છે. તેમને સંસારીઓ સુખી જણાય છે અને મનમાં સંદેહ ઉઠવા લાગે છે. સંસારના સુખમાં રિક્ત માણસોને સંન્યાસીઓ સુખી લાગે છે. કોઇપણ જાતની ચિંતા નહી. કોઇ જંજાળ નહી. સંસારીઓ છોડવા માગે છે, પરંતુ છોડી શકતા નથી. ત્યાગીઓએ છોડી દીધુ છે, પરંતુ મનથી ખાલી થતા નથી. મનમાં સંસાર ભરેલો હોય તો ત્યાગનો કોઇ અર્થ નથી. એક સુખ છોડીને મન બીજા સુખમાં લપેટાઇ જાય છે અને અતૃપ્ત વાસનાઓ રહી જાય છે ત્યાગમાં ક્રોધ આવે, અભિમાન અને અહંકાર ઊભો થાય, માનની અને કીર્તિની, પ્રતિષ્ઠાની ભાવના ઊભી થાય તો તેનો છોડવાનો કોઇ અર્થ નથી, કોઇ પ્રયોજન નથી એક સંસાર છોડીને બીજો સંસાર ઉભો કરવાની આ વાત છે. એક સંસારથી કંટાળી ગયા છો એટલે બીજો સંસાર જરા જુદો ત્યાગના આવરણવાળો.... ત્યાગમાં ઘણું છૂપાવી શકાય છે. તેમાં અસલી ચહેરો દેખાતો નથી. દુનિયા ભરેલી છે. કયાંય ખાલીપો નથી. લોકો ત્યાગથી વધુ પ્રભાવિત બની જાય છે, પરંતુ સાચો ત્યાગ શું છે તેની સમજણ નથી. ત્યાગ કેટલું છોડો તેના કરતા તમે કેટલા ભરેલા છો તેના પર નિર્ભિત છે. તમે જો ભરેલા ન હો તો ત્યાગની કશી જરૂર નથી. સંન્યાસમાં પણ ભીડ છે. લોકોના ટોળાઓ છે. વાહવાહ છે. કીર્તિ છે. આ બધુ ન હોય તો સન્યાસ પણ ભારે કઠિન બની જાય. ખાન-પાનનો ત્યાગ, સગવડતાઓનો ત્યાગ સહેલો છે. આવો ત્યાગ તો લાખો લોકોને જીવન જીવવા માટે કરવો પડતો હોય છે, પરંતુ માન અભિ-માનનો ત્યાગ, અહંમનો ત્યાગ, મોટાઇનો ત્યાગ, કીર્તિ–પ્રસિદ્ધિનો ત્યાગ કરવાનું મુશ્કેલ છે.

## ત્યાગ કરવા છતાં મનમાં સંસાર ભરેલો હોય તો તે ત્યાગનો કોઇ અર્થ નથી

માત્ર અપરિગ્રહ એ ત્યાગ નથી. વસ્તુ વિના ચલાવી લેવું એટલું કઠિન મુશ્કેલ નથી, પરંતુ મનની અંદરના ઉપદ્રવો દૂર કરવાનું મુશ્કેલ છે માણસ અકસર સાચી દુનિયાને છોડીને સ્વપ્નોની દુનિયા ઊભી કરી લેતો હોય છે. પહેલો પૈસા ગણતો હતો, હવે તપને ગણવા બેસી જાય છે. આટલા ઉપવાસ કર્યા, આટલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુષ્ઠાનો કર્યા. મારૂં મંદિર, મારો આશ્રમ, મારા અનુયાયીઓ મારો સંપ્રદાય વિ.... મારાપણું છૂટતુ નથી. મમત્વ ચાલ્યું જાય, આધિપત્ય નષ્ટ પામે, માલિકીભાવ ન રહે ત્યારે માણસો અને માણસો વચ્ચે તેમજ માણસ અને વસ્તુઓ વચ્ચે સંબંધોનું રૂપાંતર થઇ જાય છે.

પ્રભુ પાસે હાથ જોડીને કાંઈક પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરીએ છીએ. મુક્તિ માટે ભગવાન કાંઇક આપવા માગે છે. પરંતુ આપણું પાત્ર છલોછલ ભરેલું છે તેથી ભગવાન જે કાંઇ આપશે તે તેમાં રહેશે નહી, નીચે ઢોળાઇ જશે. રાગ-દ્વેષ, માન-અભિમાન અને અહંકારથી આપણે ભરેલા છીએ. આપવાનો છોડવાનો આનંદ અનોખો છે. છોડવાનું આવે છે ત્યારે પણ માણસ કામની ચીજને છોડી દે છે અને વ્યર્થ ચીજને પકડી રાખે છે. મોહ અને આસક્તિ છૂટતી નથી. આ અંગે એક દ્રષ્ટાંત કથા પ્રેરક છે.

એક ખૂબ મોટો સોદાગર પોતાની નૌકા લઇને દૂર દૂરના દેશોમાં ધન કમાવા માટે જઈ રહ્યો હતો. તેના મિત્રોએ કહ્યું: તું અવાર નવાર દરિયાઇ મુસાફરી ખેડે છે, વહાણમાં સફર કરે છે. લાંબી મુસાફરી કરે છે કોઇ વખત તોફાન આવી પડે માટે સાવચેતી રૂપે તું તરતા શીખી જા, કોઇ વખત કામ આવે.

સોદાગરે કહ્યુંઃ તરવાનું શીખવા માટે મારી પાસે સમય જ કયાં છે? મિત્રોએ કહ્યું એ માટે વધુ સમયની જરૂર નથી. ગામમાં નિપુણ તરવૈયો છે તે તને એકાદ અઠવાડીયામાં તરવાનું શીખવી દેશે.

એક અઠવાડીયાનો સમય કાઢવો મારા માટે મુશ્કેલ છે એક અઠવાડીયામાં તો હું લાખોનો ધંધો કરી લઉં છું. આઠ દિવસમાં તો લાખોની હેરફેર થઇ જાય હમણાં ધંધા પર વધુ ધ્યાન આપવું જરૂરી છે. હમણાં સમય નથી. કયારેક ફુરસદ મળશે એટલે તરવાનું શીખી લઇશ

મિત્રોએ કહ્યું. આમાં મોટું જોખમ છે કયારેક પરિણામ ખતરનાક પણ બની શકે. સોદાગરે કહ્યું મને બીજી કોઇ યુક્તિ બતાવી દયો. તરવાનું શીખવાનું અત્યારે મારા માટે શકય નથી.

મિત્રોએ કહ્યું : તું મુસાફરી કરે ત્યારે ઓછામાં ઓછા બે ખાલી પીપ તારી પાસે રાખવા. કયારેક જરૂર પડે તો છેલ્લા ઉપાય તરીકે તેના સહારે તું તરી શકે.

સોદાગર લાંબી સફરે ઉપડયો. મિત્રોના કહેવા મુજબ ઢાંકણાં બંધ કરેલા બે ખાલી પીપો વહાણમાં ચડાવી દીધાં. સમુદ્રની લાંબી સફરમાં એક દિવસ અચાનક તોફાન ઉપડયું. વહાણ ડૂબવા લાગ્યું અંદર રહેલા ખલાસીઓ કૂદકા મારીને તરવા લાગ્યા અને પોતે વહાણમાં પીપને શોધવામાં રહ્યો બે ખાલી પીપની સાથે બે સોનામહોરોથી ભરેલા પીપ હતા જે પોતાની સાથે લઇ જઇ રહ્યો હતો. તેના મનમાં દ્વિધા થવા લાગી કે કયા પીપને લઇને તે કૂદે, સોના મહોરથી ભરેલાં કે ખાલી?

મોતનો ભય ઝઝુમી રહ્યો છે આમ છતાં મોહ છૂટતો નથી. તેણે વિચાર્યું કે વહાણ તો ડૂબવા જ માંડયું છે તો ખાલી પીપને લઇને કૂદવાથી શો ફાયદો? તેણે સોનામહોરવાળા પીપ લીધા અને કૂદી પડયો અને ધનની સાથે જાન પણ ગુમાવ્યો.

જીવનમાં પણ આવું જ બને છે આપણે પ્રથમથી તરવાનું શીખતા નથી એટલે અંત સમયે ડૂબવાનો જ વારો આવે છે કશું છોડાતું નથી. ભાર વધતો જાય છે. જીવન સાગરને તરવા માટે પણ ત્યાગ કરીને હળવાફુલ જેવા થઇ જવું જોઇએ....

[મુંબઈ સમાચારના તા. ૯-૩-૯૭ના જિનદર્શન વિભાગમાંથી સાભાર....]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તારી કરૂણાનો કોઇ પાર નથી....

હે કરૂણાના કરનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી;
હે સંકટના હરનારા, તારી કરૂણાનો કોઇ પાર નથી.

મેં પાપ કર્યા છે એવા, હું ભૂલ્યો તારી સેવા;
મારી ભૂલોના હરનારા, તારી કરૂણાનો કોઇ પાર નથી.

હું અંતરમાં થઇ રાજી, ખેલ્યો છું અવળી બાજી;
અવળી સવળી કરનાર, તારી કરૂણાનો કોઇ પાર નથી.

હે પરમ કૃપાળુ વહાલા, મેં પીધા વિષના પ્યાલા;
મારા સાચા રક્ષણહારા, તારી કરૂણાનો કોઇ પાર નથી.

કદિ છોરૂ કછેરૂ થાએ, તું તો માવિત્ર કહેવાયે;
શીળી છાંયાના દેનારા, તારી કરૂણાનો કોઇ પાર નથી.

મને જડતો નથી કિનારો, મારો કયાંથી આવે આરો ?
ઓ મારા સાચા ખેવનહારા, તારી કરૂણાનો કોઇ પાર નથી.

છે મારૂં જીવન ઉદાસી, તું શરણે લે અવિનાશી;
મારા દિલમાં સદા રમનારા, તારી કરૂણાનો કોઇ પાર નથી.

**SHASHI INDUSTRIES**

Selarsha Road, BHAVNAGAR-364 001
Phone : O. 428254 - 430539

卐

Rajaji Nagar, BANGALORE-560 010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
## પ. પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી
# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[હપ્તો ૧૭ મો] [ગુરુ વાણી ભાગ-૨માંથી સાભાર...]

(ગતાંકથી ચાલુ)

### ભવો-સ્વભાવો :-

ચેતનાના ત્રણ પ્રકાર છે. (૧) જાગ્રત (૨) અર્ધજાગ્રત (૩) અજાગ્રત (સુષુપ્ત). જાગ્રત અને અર્ધજાગ્રત ચેતના કરતા અચેતન એટલે કે અજાગ્રત ચેતનામાં અનેક દોષો પડેલા છે. જેમ વરસાદ આવે અને જંગલમાં એકદમ ઘાસ ઉગી નીકળે છે તેમ અચેતન મનમાં પડેલી વાસનાઓ, કુસંસ્કારો નિમિત્ત મળતાંજ તરતજ બહાર આવે છે. આ જીવાત્મા અનેક યોનિમાં ભટકીને આવ્યો છે. સાપની યોનિમાં ફૂંફાડા માર્યા હશે.... અનેકને કરડ્યો પણ હશે....વીંછીના ડંખ માર્યા હશે.... ગધેડાની યોનિમાં લાતો મારી હશે.... કુતરાની યોનિમાં ભસ્યો હશે. આમ દરેક યોનિમાં તે તે યોનિને અનુરૂપ તેના સ્વભાવો આચર્યા હશે આયુષ્ય પુરું થતાં તે તે યોનિના શરીર છૂટી ગયા પણ સ્વભાવના જે ગાઢ સંસ્કારો પડેલા હતાં તે અંદર રહી ગયા શરીર અને જીવની વચ્ચે વસ્ત્ર જેવો સંબંધ છે. વસ્ત્ર જીર્ણ થાય એટલે માણસ તેને રજા આપીને નવું વસ્ત્ર પહેરે છે. પણ શું વસ્ત્ર બદલાતાની સાથે તેનો સ્વભાવ બદલાય ખરો? કોઇ માણસ શોકના સમયે કાળા વસ્રો પહેરે તેથી શું તે કૃષ્ણલેશ્યાવાળો થઇ જાય? ધોળા પહેર્યા હોય તો તે શું શુક્લલેશ્યાવાળો થઇ જાય ખરો? ના, વસ્ત્રો બદલાતા કાંઇ અંદર રહેલા જીવાત્મા બદલાતો નથી. તેમ તે તે યોનિના શરીરરૂપી વસ્ત્રો બદલાતાં તેની અંદર રહેલા સ્વભાવોમાં કાંઇ ફેરફાર થતો નથી. માટે તો આજે આપણે માનવ શરીરરૂપી વસ્ત્ર બદલ્યું પણ આપણી અંદર ૮૪ લાખ યોનિના સ્વભાવ પડયા છે આ બધા સ્વભાવો આપણા અજાગ્રત મનમાં પડ્યા છે નિમિત્ત મળતાં તે બહાર નીકળે છે. કોઇ બહુ બોલ-બોલ કરતું હોય તો આપણે નથી બોલતાં કે કૂતરાની જેમ શું ભસ-ભસ કરે છે? આપણને કોઇ સાચી સલાહ આપવા આવે પણ આપણને રુચતી ન હોય તો આપણે એને ગધેડાની જેમ લાતો મારીએ કે ન મારીએ? આપણે સ્વભાવથી કૂતરાએ છીએ, ગધેડાએ. છીએ, વીંછીએ છીએ, સાપે છીએ અને ગીધડાએ છીએ. ગીધ વૃક્ષની ઉંચામાં ઉંચી ડાળીએ બેસે અને સતત્ ચારે બાજુ એની નજર એનું ભક્ષ્ય શોધતી હોય તેમ આપણા બધાની નજર બીજાનું લૂંટવા માટે ફરી રહી છે કે નહીં? આ બધા કુસંસ્કારો જ આપણને ચારે ગતિમાં ભટકાવે છે, રખડાવે છે.

### પ્રભુશરણ-સ્મરણ :-

આ અનાદિકાળના રુઢ થઇ ગયેલા સંસ્કારો કાઢવા કેવી રીતે? શાસ્ત્રકારો કહે છે કે પ્રભુ સાથે જોડાણ કરો, તેના નામનું સતત્ રટણ કરો. તેના નામમાં ગજબની તાકાત રહેલી છે. પરંતુ પરમાત્માને ભૂલીને ચાલનારી આજની દુનિયા પાપની ગર્તામાં ધકેલાઇ રહી છે. પરમાત્માનું શરણ અને પરમાત્માનું સ્મરણ તીર્થ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર બનાવે છે. શ્રેણિક મહારાજે જીંદગીની શરૂઆતમાં ઘણાં પાપો કર્યા હતાં. પણ જ્યાં તેમને સાચી દૃષ્ટિની પ્રાપ્તિ થઇ અને ભગવાન વીરના સ્મરણમાં લીન બન્યા તો તીર્થંકર બનવાની પાત્રતા મેળવી લીધી. ભગવાન વીરના સ્મરણને જીવનમાં એવું તો વણી લીધું હતું કે તેમની ચિતાના લાકડામાંથી 'વીર-વીર' એવો ધ્વનિ સંભળાતો હતો. માટે તો આવતી ચોવીશીમાં તેમની કાયાનું પ્રમાણ, વર્ણ વગેરે બધું જ ભગવાન મહાવીર જેવું જ હશે. આજે આપણા ચિત્તમાં પરમાત્મા નહીં પણ પદાર્થો ભરેલા છે. ચોવીશે કલાક પદાર્થોની જ વિચારણા ચાલે છે. અરે! પરમાત્માની ભક્તિ કરવા દેરાસરમાં જઇએ ને ત્યાંયે આપણા ચિત્તમાં સંસાર છવાયેલો રહે છે. સમસ્ત પ્રવૃત્તિમાં ભગવાન છવાયેલા હોવા જોઇએ એના બદલે સંસાર છવાયેલો છે. ભગવાનનું નામ લેવાનો પણ આપણને ટાઇમ નથી.... રોજ કાંઇ લાખોના દાન આપવાના હોતા નથી... અથવા તો રોજ કાંઇ માસક્ષમણ કરવાના હોતા નથી પણ ભગવાનનું નામ સ્મરણ તો શક્ય બને ને!

## સસ્તું છતાં સક્ષમ પ્રભુનું નામ સ્મરણ:-

કુદરતની આપણા પર કેવી મહેરબાની છે! એ વિચારે છે કે જો માણસને બધું મોંઘું કરીશ તો એ જીવશે કેવી રીતે? તેથી આપણી વધારેમાં વધારે ઉપયોગી ચીજને સસ્તામાં સસ્તી બનાવી છે. હવા-પાણી વગર ઘડીક વારેય ચાલે ખરુ? વળી તમે તો હવાના ખૂબ પરાધિન છો. પા-અડધો કલાક લાઇટ જાય અને પંખા જો બંધ થઇ જાય. તો તમારી કેવી દશા થાય? એક બે દિવસ પાણી ન આવે તો કેવી રાડારાડ મચાવી મૂકો? આ બન્નેનો સતત્ ઉપયોગ હોવાથી કુદરતે આપણને મફતમાં આપ્યા. હવે અનાજ પણ બધાને ખૂબ ઉપયોગી છે તે પણ સોના-ચાંદીના કરતાં સસ્તુ બનાવ્યું.... સોનું-રૂપું-મોતી કેવા મોંઘાદાટ છે? તેના

ગર માણસને ચાલે, તે જોઇએ જ એવું નથી હોતું. પણ અનાજ, હવા અને પાણી આટલું તો જોઇએ જ. આ બધાથી પણ સસ્તી અને ખૂબ જ ઉપયોગી એવી ચીજ છે પ્રભુનું નામસ્મરણ - સદ્‌વિચારો.... બસ ખાલી વિચારોનું વહેણ જ બદલવાનું છે. પદાર્થોની જગ્યાએ પરમાત્માને ગોઠવવાના છે. પછી જુઓ ચમત્કાર.

આપણને પદાર્થોનું જ ધ્યાન છે એટલે ધ્યાન લગાવશું તો પણ પદાર્થો જ દેખાશે. એના બદલે અરિહંતનું ધ્યાન લગાવો તો અરિહંત આપણી ચેતનામાં આવીને ઉભા રહેશે. ચેતના એક એવી વસ્તુ છે કે તેને જે નિમિત્ત મળે તેનાથી તે રંગાઇ જાય છે અને તે સમય પૂરતો માણસ તે રૂપ બની જાય છે

## તન કટાસણા પર, મન ક્યાં?

એક સ્ત્રી હતી. તે ખૂબ ડાહી અને હોંશિયાર હતી. તેના સસરાને સૂતરનો ખૂબ મોટો વહેપાર હતો. સૂતરને વણવા માટે તેઓ હરિજનોને કામ સોંપતા. વેપાર બહુ મોટા પ્રમાણમાં હોવાથી તેમનું મન સતત્ સૂતર અને હરિજનો વચ્ચે જ અટવાયેલું રહેતું. એકવાર શેઠ સામાયિક લઇને બેસે છે. કોઇક ભાઇ મળવા માટે આવે છે, પૂછે છે કે શેઠ ઘરમાં છે? વહુ જવાબ આપે છે શેઠ તો ઢેઢવાડે ગયા છે. પેલા ભાઇ તો પાછા ગયા, પણ સામાયિકમાં બેઠેલા સસરાજી વિચારે છે કે વહુએ કેમ આવો જવાબ આપ્યો? વહુ શાણી-સમજદાર છે તેથી તેના જવાબમાં નક્કી કાંઇક રહસ્ય હોવું જોઇએ, સામાયિક પૂરું થતાંની સાથે જ સસરો વહુને પૂછે છે કે બેટા! તેં આવો જવાબ કેમ આપ્યો? વહુ કહે છે કે બાપુજી તમે બેઠા હતા કટાસણા પર પણ તમારા મોં પરના ભાવોથી મેં જાણ્યું કે તમારું મન તો સૂતર કોણે કેટલું કાંત્યુ? કોને કેટલું આપવાનું છે? આ બધા વિચારોમાં ભમતું હતું તેથી ઢેઢવાડે ગયા તેમ ન કહું તો શું કહું? સામાયિક કરતાં તો મન સમભાવમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેવું જોઇએ, પ્રભુ ધ્યાનમાં લીન હોવું જોઇએ જ્યારે આજે આપણા સામાયિકનો સંબંધ કટાસણા અને ઘડિયાળ પૂરતો બની ગયો છે. સામાયિક લે ત્યારથી નજર ઘડિયાળ તરફ મંડાયેલી હોય. આવી રોજની દસ સામાયિક કરો તો પણ શાંતિ કયાંથી મળે? બધી આરાધનાઓ સાર્થક કયારે બને? મગજ જ્યારે બધા વિચારોથી ખાલી બને ત્યારે જ ચિત્તમાં અનંતકાળના અજ્ઞાનના અંધારા ભરેલા છે, વિષયો અને કષાયો ભરેલા છે. આ અંધારાને દૂર કરવા માટે ફકત એક જ પ્રભુ નામ રૂપી કિરણની જરૂર છે. થોડા સમય માટે પણ પણ જો પ્રભુ સાથે જોડાણ થઇ જાય તો આપણું કલ્યાણ થઇ જાય.

**ભગવાન મલ્લિનાથ...**

ધર્મનો અધિકારી માણસ કેવો હોવો જોઇએ તેને માટે પૂ. શાંતિસૂરીશ્વરજી મહારાજ કહે છે કે માણસ અશઠ હોવો જોઇએ. તેનું જીવન નિર્દંભ હોવું જોઇએ. માયા-કપટથી રહિત હોવું જોઇએ. માયાવી માણસ ધર્મ કરે તો પણ તે નિષ્ફળ જાય છે. અથવા તો હલકી યોનિમાં માણસને લઇ જનારો બને છે, ભગવાન મલ્લિનાથે પૂર્વજન્મમાં માયથી આરાધના કરી હતી માટે સ્ત્રીપણું બાંધ્યું. પૂર્વ જન્મમાં છ મિત્રો હતા. છએ મિત્રોએ સાથે દીક્ષા લીધી. ભગવાન મલ્લિનાથના જીવે વિચાર કર્યો કે હું બધાથી આગળ નીકળી જાઉં પરંતુ જે તપ-જપ-ધ્યાન વગેરે કરતાં તે બધું જ છએ મિત્રો સાથે કરતા તેથી આગળ નીકળવું કેવી રીતે? ભગવાન આગળ નીકળવા માટે છૂપી રીતે તપ કરવા માંડયાં. બધા મિત્રો વાપરવા બેસી જાય પછી ભગવાન કહે કે મને બરાબર નથી તેથી હું ઉપવાસ કરું છું. આમ માયાથી કપટથી કરેલા તપનું પરિણામ એ આવ્યું કે તેઓ પહેલા ગુણઠાણે આવી ઉભા એટલે મિથ્યાત્વ અને સ્ત્રીપણું બાંધ્યું. આરાધના ખૂબ જ ઉંચી હતી પણ કપટથી ભરેલી હતી તેથી તીર્થંકર નામકર્મ બાંધ્યું પણ સ્ત્રીપણું ભેગુ આવ્યું.

(ક્રમશ)

## તદ્દન નવી વાનગી....



સૌ પ્રથમ એક કીલો પ્રેમ લઇ
એમાં બરાબર ૨૦૦ ગ્રામ સ્મિત ઉમેરો
આથો ચડી રહે પછી તેમાં ચાર ચમચી વિશ્વાસ અને
૩૦ ગ્રામ જેટલી સહાનુભૂતિ તથા અડધો લીટર સચ્ચાઇ ઉમેરો.
જે મિશ્રણ તૈયાર થાય એને બરાબર ઘૂંટીને ઘટ્ટ થવા દો,
પછી તેમાં તેટલા જ વજન જેટલો આનંદ રેડીને
ઠીક ઠીક સમય સુધી વૈરાગ્યના ફ્રીજમાં મૂકી રાખો.
કલાક પછી યોગ્ય કદના ચોસલા પાડીને
શત્રુઓ તથા મિત્રોમાં વહેંચવા માંડો....
આ તદ્દન નવી વાનગીનું નામ છે
જી...વ...ન...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીફળ....

રણના એકલ પ્રવાસીની પ્યાસ છિપાવવા માટે
એણે જાતને વધેરાઇ જવા દીધી અને અમૃતજળ પાયું.

એની ક્ષુધા શમાવવા એણે કોપરું પણ આપ્યું,
ને કૂવાના પાણી ખેંચવા દોરડું પણ દીધું,
વળી, માનવીને આરામની ઉંઘ આપવા ખાટલો ભરવાની
કાથી પણ આપી ને માનવીના મગજની શાંતિ ને
સ્નિગ્ધતા માટે નિજ અંગ નિચોવીને
કોપરેલની પણ બક્ષિસ આપી.

એના આ દિવ્ય સમર્પણની માનવે પણ
રૂડી કદર કરીને પોતાના મંગળ–અમંગળ પ્રસંગે
એને આદરભર્યું સ્થાન આપી,
પ્રેમમર્યું પૂજન કરવાનું રાખ્યું.
રુક્ષતાના કવચ તળે રહેલી
તેની રસમયતાને કોણ ન પિછાણે !

શ્રીફળ જેવા મંગળમય બનીએ એ જ માંગલિક ભાવના....

: With Best Compliments From :

# AKRUTI
## NIRMAN PVT. LTD.


201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, Sion (W.), MUMBAI-400 022
Tele. : 408175162 (Code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ફાગણ શુદ તેરસની પાલીતાણા–શત્રુંજય તીર્થની છ ગાઉની યાત્રા



સિદ્ધાચલ શિખરે દીવો રે....
આદેશ્વર અલબેલો રે....

–સંકલન : **શ્રી દિવ્યકાંત સલોત**–ભાવનગર

સંસારના પરિભ્રમણ કરતાં આત્માઓને જે તારે તે તીર્થ કહેવાય. તીર્થ બે પ્રકારના છે : જંગમ તીર્થ અને સ્થાવર તીર્થ. શ્રી ગણધર ભગવંત અને ચતુર્વિધ શ્રમણ સંઘ એ જંગમ તીર્થ છે. જ્યારે તીર્થંકર ભગવંતોની કલ્યાણક ભૂમિઓ, મહામુનિઓ જે ભૂમિ ઉપર કર્મક્ષય કરી નિર્વાણ પામ્યા હોય તેમ જે જીવો કર્મ-ક્ષય કરી નિર્વાણ પામ્યા હોય તેમજ જીવોના કર્મક્ષય કરવામાં નિમિત્તભૂત જે સ્થાનો હોય તે સ્થાવર તીર્થ કહેવાય છે. સ્થાવર તીર્થોમાં શ્રી સિદ્ધાચલ ગિરિરાજ અન્ય સર્વે તીર્થો કરતાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ ગિરિરાજની યાત્રા કરતાં કાંકરે કાંકરે અનંતા જીવો મોક્ષે ગયાની યાદ અપાવે છે. તેથી જ આ ગિરિરાજ પ્રાયઃ શાશ્વત છે.

પાલીતાણાના શ્રી સિદ્ધાચલ ગિરિરાજ ઉપર આવેલ રામપોળની બારીથી છ ગાઉની યાત્રા–પ્રદક્ષિણાનો રસ્તો છે. ફાગણ સુદ તેરસના દિવસે શ્રી કૃષ્ણ અને વાસુદેવના પૂત્ર શાંબ અને પ્રદ્યુમ્નકુમાર સાડા આઠ કરોડ મુનિઓ સાથે શ્રી ગિરિરાજ સ્થિત ભાંડવાના ડુંગર ઉપર સિદ્ધિપદ પામ્યા તેથી આ દિવસે છ ગાઉની યાત્રા–પ્રદક્ષિણાનો મહિમા છે.

છ ગાઉની આ પ્રદક્ષિણાના માર્ગમાં ઉલ-કાજલ પોલાણ, ચંદન ( ચિલ્લણ ) તલાવડી આવેલ છે. ચિલ્લણ તલાવડી વિષે કહેવાય છે કે " શ્રી સુધર્મા સ્વામીના એક શિષ્ય શ્રી ચિલ્લણ મુનિ સંઘ સહીત શત્રુંજયની યાત્રાએ આવ્યા હતા માર્ગમાં ઉનાળાને લઈને શ્રી સંઘ તૃષાતુર થયો. શ્રી સંઘે જળ માટે પ્રાર્થના કરતાં શ્રી ચિલ્લણ મુનિએ લબ્ધિથી મોટું તળાવ બનાવ્યું આથી સંઘ જલપાન કરી તૃપ્ત થયેલ." અહીનું જળ પવિત્ર છે. અહી બે દેરીઓ છે. તેમાં ભગવાન અજિતનાથ તથા ભગવાન શાંતિનાથના પગલા છે. ત્યાં શીલા આવેલી છે. પાસે દેરી છે. અહિં ભાવિક જીવો ૧૨–૧૦૮ લોગસ્સનો કાઉસગ્ગ–ચૈત્યવંદન વગેરે કરે છે. ત્યાંથી નીચે ઉતરતા સિદ્ધવડ આવે છે. જ્યાં અનેક મુનિઓ મુક્તિ પદને પામ્યા હોવાથી સિદ્ધવડના નામે પ્રસિદ્ધ છે. અહીં આદિનાથ ભગવાનના પગલાની દેરી છે.

છ ગાઉની પ્રદક્ષિણા માટે નવટુંકના રસ્તે જતાં આદિપુર ગામના છેડે ઘેટીની પાગ આવે છે. અહીં કુંડ તથા વિસામો છે. ફાગણ શુદ તેરસના દિવસે અનેક ભાતાના પાલ (જુદા જુદા ગામોનાં તંબુઓ) રાખવામાં આવે છે. મુખ્યત્વે યાત્રિકોની દહીં-ઢેબરા આદિથી ભક્તિ કરવામાં આવે છે. આથી આ દિવસને ઢેબરા તેરસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

પવિત્ર સિદ્ધાચલ ગિરિરાજ ઉપર કાળની અનંતાથી અનંતકોટિ જીવો સિદ્ધપદ પામ્યા છે. તેમજ તીર્થ–તીર્થપતિના સેવનથી કંઈક જીવોના કલ્યાણ થયા છે–થાય છે અને ભાવિકાળે પણ થશે.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા આયોજિત યાત્રા પ્રવાસ

અહેવાલ : મુકેશ સરવૈયા

શ્રી જૈન આત્માનંદ સભા – ભાવનગર આયોજિત સં. ૨૦૫૬ના પોષ શુદ ૩ ને રવિવાર તા. ૯–૧–૨૦૦૦ના રોજ ઘોઘા–શ્રી નવખંડા પાર્શ્વનાથ, કદમ્બગિરિ–શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ, શત્રુંજય ડેમ, પાલીતાણા–જય તલાટી તથા કીર્તિધામ, પીપરલા–શ્રી સીમંધરસ્વામી તીર્થનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

આ યાત્રા પ્રવાસ કારતક માસનો ડેમનો તથા માગશર માસનો ઘોઘાનો સંયુક્ત રાખવામાં આવ્યો હતો, જેમાં નીચે મુજબના દાતાશ્રીઓની વ્યાજની રકમમાંથી શ્રી ગુરૂભક્તિ તથા શ્રી સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

આ યાત્રા પ્રવાસમાં ડોનરશ્રીઓ, સભ્યશ્રીઓ તથા ગેસ્ટશ્રીઓ સારી એવી સંખ્યામાં જોડાયા હતા.

ભાવનગરથી વહેલી સવારે નીકળી ઘોઘા–શ્રી નવખંડા પાર્શ્વનાથ દાદાની પૂજા–સેવા–દર્શન કરી નવકારશી બાદ સવારના ૯–૦૦ કલાકે કદમ્બગિરિ યાત્રાર્થે નીકળી લગભગ ૧૧–૦૦ કલાકે કદમ્બગિરિ પહોંચ્યા હતા, જ્યાં યાત્રિકોએ ભક્તિભાવપૂર્વક યાત્રા કરી હતી. શ્રી દાદાના દરબારમાં સેવા–પૂજા–દર્શન તથા શ્રી સ્નાત્રપૂજા ભણાવવામાં આવી હતી. અનેરા ભક્તિભાવથી યાત્રા પરિપૂર્ણ કરી કદમ્બગિરિ ભોજનશાળામાં બપોરનું જમણ લઈ શ્રી શત્રુંજય ડેમ તીર્થે પહોંચ્યાં હત, ત્યાં દર્શન સમૂહ–ચૈત્યવંદન કરી સાંજનું જમણ લઇ, પાલીતાણા–જયતલાટી પહોંચ્યા હતા અહિં દર્શન–ચૈત્યવંદન કરી કીર્તિધામ–પીપરલા પહોંચ્યા હતા. અહિં શ્રી સીમંધર સ્વામી દાદાના દર્શન – વંદન કરી રાત્રિના ૧૦–૦૦ કલાકે ભાવનગર પરત પહોંચ્યા હતા.

યાત્રા દરમ્યાન ૨૧ મહાનુભાવો તરફથી શ્રી સંઘપૂજન કરવામાં આવ્યું હતું જેમાં એક યાત્રિક દીઠ રૂા. ૩૨/–નું શ્રી સંઘપૂજન થયું હતું. ઘોઘા યાત્રાના ડોનરશ્રી રસીકલાલ છોટાલાલ સંઘવી પરિવાર (હ. અનીલકુમાર રસીકલાલ સંઘવી) તરફથી વ્યક્તિ દીઠ રૂા. ૧૧/–નું શ્રી સંઘપૂજન કરવામાં આવેલ.

આમ સભાનો આ યાત્રા પ્રવાસ અનેરા ભક્તિભાવપૂર્વક આનંદ અને ઉલ્લાસ સહ નિર્વિઘ્ને પરિપૂર્ણ થયો હતો.

## આ યાત્રાના દાતાશ્રીઓની શુભ નામાવલી

| નંબર | દાતાશ્રીઓના નામ | ગામ |
|---|---|---|
| (૧) | શેઠશ્રી પ્રેમચંદ માધવજીભાઇ દોશી | ડેમ યાત્રાના દાતાશ્રી |
| (૨) | શેઠશ્રી અમૃતલાલ રતિલાલ સલોત | ,, ,, ,, |
| (૩) | શેઠશ્રી નાનાલાલ કુંવરજીભાઈ શાહ | ,, ,, ,, |
| (૪) | શેઠશ્રી ખાંતિલાલ રતિલાલ શાહ–ભદ્રાવળવાળા | ,, ,, ,, |

For Private And Personal Use Only

| નંબર | દાતાશ્રીઓના નામ | ગામ |
|---|---|---|
| (૫) | શેઠશ્રી મણિલાલ કુલચંદભાઇ શાહ | ડેમ યાત્રાના દાતાશ્રી |
| (૬) | શેઠશ્રી કાંતિલાલ લવજીભાઈ શાહ–ટોપીવાળા | ઘોઘા યાત્રાના દાતાશ્રી |
| (૭) | શેઠશ્રી ખીમચંદ પરશોત્તમદાસ શાહ–બારદાનવાળા | ,, ,, ,, |
| (૮) | શેઠશ્રી રસીકલાલ છોટાલાલ સંઘવી | ,, ,, ,, |
| (૯) | શેઠશ્રી રમણીકલાલ માણેકચંદ શાહ–નાણાવટી | ,, ,, ,, |
| (૧૦) | શેઠશ્રી રતિલાલ ગોવિંદજીભાઈ–સોપારીવાળા | ,, ,, ,, |
| (૧૧) | શ્રીમતિ સુશીલાબેન સુમનરાય ગુલાબચંદ શાહ- મુંબઈ | ,, ,, ,, |


**ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લી.**

**भावनगर मर्कन्टाइल को–ओपरेटीव बेन्क ली. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.**

**હેડ ઓફીસ :-**
લોખંડ બજાર, ભાવનગર
ફોન નં. ૪૨૪૧૮૧

**બ્રાન્ચ :-**
માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન નં. ૪૪૫૦૦૮
માધવદર્શન, ભાવનગર ફોન નં. ૪૨૦૭૯૯

**–: થાપણના વ્યાજનાં દરો :–**

( તા. ૨૧–૪–૯૯ થી અમલમાં )

**સેવિંગ્ઝ** ૫.૫૦ ટકા

**ફિક્સ ડીપોઝીટ :-**

| | |
|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૮ ૦૦ ટકા |
| ૯૧ દિવસથી ૧ વર્ષ નીચે | ૯.૦૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષ નીચે | ૧૧.૦૦ ટકા |
| ૨ વર્ષથી ૩ વર્ષ નીચે | ૧૨.૦૦ ટકા |
| ૩ વર્ષથી ૫ વર્ષ નીચે | ૧૨.૫ ટકા |
| ૫ વર્ષ અને ઉપરાંત | ૧૩ ૦૦ ટકા |

**ડબલ :- ૬૫ માસ**

–: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :–

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા**
ચેરમેન

**શ્રી ઈન્દુકુમાર ઉકાભાઇ પટેલ**
મેનેજીંગ ડીરેકટર

**શ્રી રાજેન્દ્ર ઇન્દુકુમાર દવે**
વા. ચેરમેન

**શ્રી જુગલકિશોર પી. પારેખ**
જો. મે. ડીરેકટર

**શ્રી જે. એમ. શાહ**
મેનેજર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કરેલા કરમ કોઇનેય છોડતાં નથી.....

—શ્રી મનુભાઇ ગઢવી

કરમ કોઈનેય છોડતાં નથી, લેણદેણના સંબંધને 'ઋણાનુબંધ' એવા શબ્દો અનુભવીઓને મોઢેથી ઘણી વખત સાંભળવા મળે છે.

શસ્ત્રોમાં "સંચિત" એટલે જનમ જનમનાં ઊગ્યા વગરનાં પડેલા કરમ. "પ્રારબ્ધ" એટલે જેટલા કરમ પાકયાં એનાં ફળ રૂપે આ શરીરને અવતાર મળ્યો છે એ કરમ અને હવે આ શરીરથી જે કરમ થાય છે. એ બધા ચાલુ એટલે "ક્રિયમાણ" કરમ કે'વાય છે.

જે કરમના ફળરૂપે આ અવતાર મળ્યો છે એ "પ્રારબ્ધ" કરમનાં સારાં-માઠાં ફળ ભોગવી લીધા સિવાય એમાંથી છૂટવાનો ઉપાય નથી.

કરમનાં ફળ કરમ કરનારને દુનિયાના પડમાંથી ગોતી લે છે ઇ કરામત કોઇને સમજાણી નથી.

માઠા કરમનાં ફળ જે હસતાં હસતાં ભોગવે છે એ પણ મોટું તપ ગણાય છે.

જીવનમાં ઘણાંને એવું બને છે કે જે લાભ મેળવવા કરમ કર્યું હોય એનાથી ઊંધું ને પીડા વાળું ફળ મળે છે.

વિજ્ઞાનમાં ઋણાનુબંધ ને લેણદેણ આવતાં નથી. વિજ્ઞાનમાં પુરૂષાર્થનું પરિણામ નક્કી જ કરેલું હોય છે. પાણી સો ડીગ્રીએ ઉકળવા માંડે એમાં કોઇના બાપથી ના પડાતી નથી ને પાણીની જ્યારે વરાળ થાય ત્યારે કોઇ રોકી શકતું નથી.

ગામડાના એક માણસને જમીન ખોદતાં સોનારૂપાથી ભરેલા ચરુ મળી ગયા. અઢળક સંપત્તિ આવી પડી.

આ માણસને આ પેલા જ્યારે રૂપિયાની જરૂર પડતી ત્યારે ઘણા પાંહે લાચારી કરવી પડતી. જેનું મોઢું જોવું નો ગમે એના ચરણ ચૂંમવા પડતાં, દસ રૂપિયા માગે ત્યારે સો શિખામણ સાંભળવી પડતી. મરવાનું મન થઇ જાય એવા કાચાં ને વહમા અપમાનના વેણ સાંભળવા પડતા. ઉઘરાણી કરવા આવે ઇ તો જાણ્યે વાઘ-દીપડો ફાડી ખાવા આવ્યો હોય એવું લાગે રૂપિયા લેવા'તા ત્યારે તો લટુડા-પટુડાવેડા કરતો'તો ને હવે દે'વા ટાણે કેમ વહમુ લાગે છે? દુધે ધોઇને તમારા રૂપિયા આપી દઇશ ઇ કિયા મોઢે કે'તો તો? અમારે રૂપિયા કાંઇ ઝાડવામાં નથી થાતા તું હજી મને ઓળખતો નથી. મારું એક વખત મગજ જાય પછી ખલાસ. હું તારી સાત પેઢી શોધી લઇશ કયાંય મોઢું દેખાડાય એવું નઇ રે'વા દઉં. જો હું તને ચોખું કઇ દઉં છું, તારા બાયડી-છોકરાંને વેચ્ય, પણ મારા રૂપિયા કાલ સુધીમાં નથી આપ્યા તો તારા છોકરાં રખડી પડશે.

આ સાંભળવું પડતું ત્યારે એમ થાતું કે કયાંયથી જો મારા હાથમાં રોકડા-સિક્કાના રૂપિયા આવી જાય તો એક એક રૂપિયો આના માથામાં મારીને ઘોબો પાડી દઉં કે ઇની ત્રણ પેઢી સુધી જેટલા છોકરા ઇના વંશમાં જન્મે ઇનાય કપાળમાં આ ઘોબો લઇને જન્મે. જે જોવો ઇ કે તારા વડવાને કપાળમાં રૂપિયો વાગેલો ઇનો આ ઘોબો છે.

આ માણસે સંપત્તિ મળ્યા પછી મનમાં ગાંઠ વાળી દીધી કે કોઇ પણ માણસ રૂપિયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવા આવે એને જેટલા જોતા હોય એટલા આપવા. કોઇ ઓળખાણ નઇ. કોઇ લખાણ નઇ. પાછા આપવાની શરત નઇ. આ ભવ કે ઓલે ભવ જ્યારે આપવા હોય ત્યારે આપે નો આપવા હોય તો ઇ જાણે ને ભગવાન જાણે.

દાવાનળની જેમ વાત બધે ફેલાઇ ગઇ. રૂપિયા લેવા મનખ્યો ઉખળ્યો.

ગામમાં બે મફતિયા ગાંજા પીએ અફિણ ખાય, જુગાર રમે, ફાંદા કરે. મફત મળે ત્યાં સુધી બીજું લેવું નઇ. લઇને કોઈને દેવું નઇ બોલ્યે હુંશિયાર. ભેંસનું નામ દઇને પાડા વેચી દે એવા કારીગર. ગારો કરીને મલકને ખુંચાડવાવાળા....

આ બેય જણાએ વાત કરી કે હાલ્યને આપડેય દાઝડો કાઢીયે. બધાને જોઇ એટલા રૂપિયા આપે છે ઇ મનાતું નથી પણ કેટલાય લઇ આવ્યા છે. અખતરો કરવામાં આપડું શું જાય છે? લાગ્યું તો તીર નઇતર થોથાં. નો આપે તો જાય ઇના ઘરે. કહી દેશું કે તેરે માંગણ બો'ત હે તો મેરા દેનેવાલા અનેક. એના વગર કાંઇ ભૂખ્યા નઇ મરી જઇએ.

આ બેય જણા પાંહે દેનારા આકરી ઉઘરાણી કરે ત્યારે એ સામેથી પૂછતાં કે તમારી પાંહે કોઇ માગતું જ નથી? ઇમના બધાના તમે ચૂકતે કરી દીધા છે?

બેય જણાએ જઇને શેઠને કીધું કે શેઠ રૂપિયાની જરૂર પડી છે શેઠ કે' ભલે બાપલા! કેટલા આપું? બોલો.

જોવો શેઠ! અમે ધીરે ધીરે કમાઇને તમારા રૂપિયા આપશું.

શેઠ કે તમારી મરજી. જ્યારે દેવાય ત્યારે દેજો કેટલા જોશે?

આવું પૂછનારો તો બેયને આ 'પેલવેલો.' મળ્યો. કેટલા માગવા ઇ મૂંઝવણ થઇ પડી. વધારે માગશું તો ના પાડી દેશે ને ઓછા માગશું તો પસ્તાવો ર'ઇ જાશે. બેયને બસો પાંચસોની રકમ તો કાયમ પહાડ જેવડી લાગેલી. હિંમત ખાતર ભેગી કરીને કીધું કે અમારે બેયને દહ દહ હજારની જરૂર છે.

શેઠે રૂપિયા બેયના હાથમાં મૂકયા. બેયને મનમાં વે'મ છે કે હમણાં ખડકીમાંથી બોચાં ઝાલીને પાછા બોલાવશે ને રૂપિયા આંચકી લેશે ને નો કે'વાનાં વેણ કે'શે. બેય જણા નીચું જોઇને એરુ જાય એમ સડેડાટ વિયા ગીયા. આપનારે રૂપિયા એવા દિલથી સરળતાથી આપી દીધા કે લેતા લેતા બેય જણા માલીપાથી ધ્રુજી ગીયેલા. માંયલો ભડકી ગીયો. ગામમાં ને ગામમાં રે'શું તો રોજ આ શેઠને જોશું ને એના રૂપિયા યાદ આવશે ને હેઠું જોવું પડશે. અંદરથી જીવ કોચવાવા માંડયો.

નક્કી કર્યું ને બેય જણા ગામ છોડીને સામે શે'રમાં આવ્યા. સૌથી પે'લા તો મોચીની દુકાનથી જોડાંને ચોપડવા તેલ લેવા ઘાંચીની ઘાણીએ ગીયા. ઘાંચી આમનું તેલ જોખી દેવા ઘાણી ચાલુ મૂકીને અંદર ગીયો.

ઘાંચીના બળદને એકલાં હાડકા રીયાં છે. હલાતું નથી. બળદ થાકીને ઢગલો થઇ બેસી ગીયો. ગળામાં બાંધેલો ટોકરો બંધ થયો એટલે ઘાંચી સમજી ગીયો કે બળદ ઉભો રઇ ગીયો છે અને પરોણો લઇને તરત બા'ર આવ્યો ને માંડયો પરોણાનો વરસાદ વરસાવવા હડ્ય ખુટલ! ખાવું છે ને કામ નથી કરવું કાં? તું આંઈ કોઇની જાનમાં નથી આવ્યો. આ ઘાણિયું કોણ તારો બાપ કાઢશે? ઊભો થાશ કે નઇ? ઘાંચીએ બળદનાં નાંકનાં બેય ફોરણાં હાથથી દબાવી દીધા એટલે મુંઝાઇને બળદ ઊભો થઇ ગયો ને પંદ્ય માથે બે પરોણા પડયા એટલે હાલવા માંડયો ને ઘાંચી અંદર ગીયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેય જણા જોઈ રિયા છે. બેઉને દયા ય આવી, પણ શું કરે? બેય વાતું કરે છે કે અરેરે આ બળદની દશા કેવી થઇ છે? આનો આ ભવમાંથી છૂટકારો થાય તો સારું.

આટલું બોલ્યા ત્યાં બળદને વાચા ઉપડી. તમારી વાત સાચી છે ભઇ'લા! આમાંથી મારો છુટકારો થાય ઇની હું'ય વાટ જોઉં છું, પણ હજી થાય એમ નથી. આ ઘાંચી આગલા ભવમાં વાણિયો હતો ને હું દરબાર હતો. મેં આ વાણિયા પાહેંથી બસો રૂપિયા ઇ ભવમાં ઉછીના લીધા હતા. ઇ ભરાય તી' પેલા મારું મોત થિયું ને દેણું માથે રઇ ગીયું. આ ચૂકતે થાય ત્યાં સુધી મારે આ ઘાંચીના પરોણા ને ગાળ્યું ખાવી પડશે.

**બાપા! કરમ કોઇને છોડતાં નથી. લેણ દેણ તો ચૂકવવી જ પડે છે.**

આ સાંભળીને બેય જણા તેલ લેવા ઉભા નો રિયા. મંદિરમાં જઇને ભગવાનને અરજ કરવા માંડયા કે બાપજી! તમારી પાંહે બધાનો હિસાબ ચોખો રે' છે ઇ અમને આજ સમજાઇ ગીયું છે. અમારા હજાર ગુના માફ કરો ને અમને સાચો રસ્તો દેખાડો. આ બળદ માથે થઇ એવી રખડપટ્ટી અમારા માથે નો થાય એવી દયા કરો.

બેય જણાએ મોચીને હાથ જોડીને કીધું કે તમારે જેટલા રૂપિયા કાપવા હોય એટલા કાપી લ્યો પણ આ જોડા પાછા લઇ લ્યો.

રૂપિયા લઇને સીધા શેઠને ઘરે ગિયા. વીહ હજાર રૂપિયા પગમાં મૂકીને શેઠને પગે લાગ્યા.

તમારા ભગવાન પલોઠીવાળીને બેઠા છે એમ તમારા રૂપિયામાં પણ દુવારકાનો ધણી બેસી ગીયો છે. અઠવાડિયું અમે તમારા રૂપિયા અમારા ખિસ્સામાં રાખ્યા ઇના બદલામાં અમે આઠ દિ તમારા ઠામડાં ઉટકીશું ને છાણા વાસીદા કરશું. તમારા દેણામાંથી અમને છોડી દો....

**અણહક્કનું કોઇને પચતું નથી. લેણ-દેણ તો કેટલાય ભવે ચોખી કરવી જ પડે છે.**

આ અવતારમાં ઘાંચીના બળદની જેમ જો કોઇપણ દુઃખના પરોણા પડતા હોય ને જો ગમે એવું કાયમ સાંભળવું પડતું હોય તો સમજી લેવું કે આગલા ભવમાં ગોટા કર્યા છે, આવતા ભવમાં પરોણા ને ગાળ્યું ખાવી નો હોય તો **કોઇનું દેણું માથે ચડાવશો નઇ.**

" શિવ સંકલ્પમસ્તુ. "

આ વાર્તા વાંચ્યા પછી આપ આપના પ્રતિભાવ જરૂર લખી મોકલશો.

( જૈન શિક્ષણ–સાહિત્ય પત્રિકામાંથી સાભાર.... )

# વિશ્વ પરિષદમાં ડૉ. કુમારપાળ દેસાઇના પ્રવચનો

જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના ચિંતક ડૉ કુમારપાળ દેસાઇને દક્ષિણ આફ્રિકાના કેપટાઉન શહેરમાં યોજાયેલી "પાર્લામેન્ટ ઓફ ધી વર્લ્ડ'ઝ રિલિજિયન્સ"માં પ્રવચન આપવાનું થયેલ. આ અગાઉ તેઓએ ૧૯૯૩માં ચિકાગોમાં યોજાયેલી વિશ્વધર્મ પરિષદમાં જૈન દર્શન વિશે વક્તવ્ય આપ્યું હતું. ડિસેમ્બરમાં યોજાયેલી આ વિશ્વધર્મ પરિષદમાં તેઓએ "હ્યુમન રાઇટ્સ એન્ડ જૈનિઝમ" અને "કમ્પેશન ટુવર્ડ'ઝ એનિમલ" એ વિશે વક્તવ્ય આપેલ. એ સમયે ૮૦૦૦ જેટલા વિશ્વના વિચારકો, અધ્યાપકો, વિદ્વાનો તેમજ એકિટવિસ્ટોની હાજરીમાં યોજાયેલા જુદા–જુદા પરિસંવાદ અને વર્કશોપમાં ભાગ લીધેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક ઉત્તરોત્તર પ્રગતિના
સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સહ...

શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ

# ડબલ ડી-ડી સાબુ

તથા

# ૯૦૯ જૈન સાબુ વાપરો

ઉત્પાદક :

## નિરવ સોપ ફેકટરી

પ્રેસ રોડ, એલ પી. હાઇસ્કૂલવાળો ખાંચો,
ભાવનગર ૩૬૪ ૦૦૧ : ફોન ૫૧૬૬૪૬

સેલ્સ ડીપો :

## લક્ષ્મી સાબુ ભંડાર

ગોળ બજાર, ભાવનગર ૩૬૪ ૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અહિંસા

: લેખક :
**નરોત્તમદાસ અમુલખરાય કપાસી**
( એડવોકેટ – મુંબઇ )



બાલુડાઓ પોકાર કરે છે, માતાઓ આક્રંદ કરે છે, પિતાઓ વિલાપ કરે છે, પ્રેક્ષકો હૈયાં ફાટ રુદન કરે છે.

યુદ્ધને ધર્મનું બિરુદ આપીને અગણિત માનવોની કતલ થાય છે. અગણિત બાળકો અનાથ બને છે, અગણિત માતાઓ વિધવાઓ બને છે અગણિત પિતાઓ પીડિત બને છે.

કોઈ ક્રૂર માનવીના ' અહમ્ ' ને પોષવા, કોઇ ક્રૂર માનવીની મહત્તાને ઉત્તેજન આપવા કોઇ સ્વાર્થી હૈયાની ભૂખને સંતોષવા, કોઇ વિલાસી વ્યક્તિની વાસનાને વેગ આપવા કતલ થાય છે માનવ જાતની....

સમગ્ર વિશ્વમાં વ્યાપી રહી છે ઘોર હિંસા... હિંસાના તાંડવ નૃત્યો થાય છે નથી કોઇના હૈયામાં કરુણા, નથી કોઈના દિલમાં દયા, નથી કોઇના અંતરમાં માનવ–વાત્સલ્ય.

એક ક્ષણમાં વિશ્વનો વિનાશ થાય એવા શસ્ત્રો સર્જાઇ રહ્યા છે, એના ઉત્પાદનમાં લાખો લોકોના કરોડો કલાકો ખર્ચાઇ જાય છે એનો ખ્યાલ પણ નથી આવતો.

જ્યાં માનવ હિંસા કર્ત્તવ્ય રૂપ બની ગઇ છે ત્યાં નિરુપમ અહિંસાના ગીતના ગુંજન ગૂંગળાઇ જાય છે. ત્યાં નિરપરાધી પશુઓની, નિર્દોષ પંખીઓની, જળમાં રમતા મત્સ્યોની રક્ષા માટે થતી વિલાપ–વાણીઓનો આવે છે કરુણ અંત.

માનવ માનવને મારે છે, દૂધ આપતાં પશુઓને ત્રાસ આપે છે, મધુર ગીત શ્રવણ કરાવતાં પંખીઓને ધ્રુજાવે છે.

એજ માનવ અણમોલ અહિંસાના ગીત ગાય છે, અહિંસા માટે પ્રશંસાના પુષ્પો વેરે છે, અહિંસાને સર્વોચ્ચ સ્થાન આપે છે. આત્મ-વંચના કરવામાં માનવીની કુશળતા પ્રશસ્ય છે.

જ્યાં હિંસા દ્વારા થતા ધર્મ પરિવર્તનને કર્તવ્ય લેખવામાં આવે છે, જ્યાં લાલચ દ્વારા થતા ધર્મ પરિવર્તનની બોલબાલા ગવાય છે, જ્યાં ધર્મ પ્રચાર માટે રક્તની સરિતાઓ રેલાય છે, જ્યાં ધર્મની સેવાના નામે મહા-માનવોના બલિદાન અપાય છે, જ્યાં કહેવાતી ધાર્મિક આરાધના માટે પશુઓના બલિ અપાય છે, જ્યાં પર્વ દિવસોમાં કરોડોની સંખ્યામાં નિર્દોષ પશુઓની કતલ કરવાના આદેશ ધર્મ પ્રવર્તકો દ્વારા અપાય છે ત્યાં બિચારી અહિંસા લાચાર થઇને બેસી ન રહે તો બીજું શું કરે ?

અહિંસાનું કીર્તન કરતાં માનવો મત્સ્ય ઉદ્યોગના નામે અગણિત મત્સ્યોનો વિનાશ માનવ હિતમાં છે એમ પ્રલાપ કરે છે. મુરઘી-વધ સમાજ–હિતમાં છે એમ પ્રવચનો થાય છે, એને એક પ્રકારની ખેતી તરીકે લેખવામાં આવે છે. ઉત્સવોમાં આનંદ રેલાવવા માટે પ્રાણી-વધ પ્રશસ્ય છે એમ જણાવાય છે

કોઇ સ્વાર્થ સાધવા માટે અહિંસાનો સત્કાર કરે છે, કોઈ રાજ્ય પ્રાપ્તિ માટે અહિંસાનો સિદ્ધાંત અપનાવે છે, કોઇ પ્રશંસા પ્રાપ્ત કરવા અહિંસા-ધર્મના કીર્તન કરે છે, કોઈ વિશ્વ-વલ્લભ બનવા માટે અહિંસાનો અંચળો ઓઢે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વદયા માટે, માનવ દયા માટે, નિર્દોષ પશુ-પંખીઓની દયા માટે, જીવમાત્રને અભય આપવા માટે, જીવમાત્રની રક્ષા માટે, કરુણાની ભાવનાને વેગવંતી બનાવવા માટે, કરુણાની ભાવના દ્વારા જગતમાં શાંતિના રાજ્યની સ્થાપના કરવા માટે અહિંસાનું સેવન કરનાર આત્માઓ વિરલ છે.

પ્રત્યેક પ્રાણીને, પ્રત્યેક માનવને, પ્રત્યેક જીવને વહાલું છે સુખ.... એ સૌને સુખદાયી બનાવાના કોડ કોઇ વિરલ આત્માના હૈયામાં હિલોળા મારતાં હશે.

પ્રત્યેક જીવને અણગમતુ છે દુઃખ એ સૌને દુઃખદાયી બનવાથી દૂર રહેવાના કોડ, કોઇ વિરલ આત્માના હૈયામાં હિલોળા મારતાં હશે.

પ્રત્યેક જીવને ભયથી ત્રાસ થાય છે તે સૌને અભય આપવાના કોડ કોઇ વિરલ આત્માના હૈયામાં હિલોળા મારતાં હશે.

'મને જીવનનો અધિકાર છે પરંતુ અન્યને જીવન જીવવાનો અધિકાર નથી. મને જીવન જીવવાનો અધિકાર છે, માટે અન્ય જીવનનો અંત લાવવાનો મને અધિકાર છે. મને સુખ વહાલું છે એટલે મારા સુખ માટે અન્ય જીવોએ એમના સુખનું બલિદાન આપવું જોઇએ, મને દુઃખ અપ્રિય છે માટે મને દુઃખ થાય એવું કશુયે અન્ય જીવોએ કરવું જોઇએ નહિ, મને કોઇ ભય ઉત્પન્ન કરે તો હું ત્રાસ પામું છું. માટે મને ભય ન ઉત્પન્ન થાય એ માટે અન્યને ભયથી ત્રાસિત કરવાનો મને અધિકાર છે'.

આ વિચાર સરણીને વધાવે છે આજનું જગત... આ વિચાર-સરણીને અનુસરે છે આજનું જગત....

આ વિચાર-સરણીનું વેદનાભર્યું ફળ ભોગવે છે આજનું જગત. રક્તની સરિતાઓની અશુચિનું પાન કરે છે આજનું જગત. ઘોર હિંસાના તાંડવ નૃત્યોનું દર્શન કરે છે આજનું જગત. કરૂણ કલ્પાંત કરે છે આજનું જગત

મને સુખ વહાલું છે તેમ અન્યને પણ સુખ વહાલું છે, મને દુઃખ અપ્રિય છે તેમ અન્યને પણ દુઃખ અપ્રિય છે, મને ભય પ્રાપ્ત થવાથી ત્રાસ થાય છે એમ અન્ય પણ ભયથી ત્રાસિત બને છે; મને જીવન જીવવાનો અધિકાર છે તેમ અન્યને પણ જીવન જીવવાનો અધિકાર છે, મને જીવનનો અંત અપ્રિય છે એમ અન્યને પણ જીવનનો અંત અપ્રિય જ છે.

આ વિચાર સરણીને વધાવે છે વિરલ આત્માઓ.... આ વિચારસરણીને અનુસરે છે વિરલ આત્માઓ .. આ વિચારસરણી વ્યકત કરે છે વિશ્વ વાત્સલ્ય અને વિશ્વ બંધુત્વ આ વિચારસરણીનું ફળ છે વિશ્વ-શાંતિ. આ વિચારસરણીનુ ફળ છે, સુખી વિશ્વ.... આ વિચાર-સરણીનું ફળ છે વેદના રહિત વિશ્વ. આ વિચારસરણીનું ફળ છે નિષ્પાપ વિશ્વ. આ વિચારસરણીનું ફળ છે પર દુઃખ ભંજન વિશ્વ. આ વિચારસરણીનું ફળ છે સંપ તથા જંપ. આ વિચારસરણીનું ફળ છે દીર્ઘ જીવન.

માનવી જે આપે છે તે તેને અનેકગણું થઇને મળે છે. અનાજનો એક કણ જે પૃથ્વિને આપે છે, તેને ઢગલાબંધ અનાજ પૃથ્વિ આપે છે. જે અન્યને અલ્પ સુખ આપે છે તેને ઢગલાબંધ સુખ મળે છે, જે અન્યને અલ્પ પણ દુઃખ આપે છે, તેને મળે છે ઢગલાબંધ દુઃખ.... જે અન્યને જીવન આપે છે તેને મળે છે સુંદર જીવન. જે અન્યને મૃત્યુ આપે છે તેને મળે છે ક-સમયનું મૃત્યુ-એક નહિ પણ અનેક.... જે ગર્ભપાત કરે છે તેને મળે છે અનેક ગર્ભપાત. જે બાળકને માતા વિહોણું બનાવે છે, તેને બાલ્ય વયમાં મળે છે માતાનો વિયોગ માત્ર એક જન્મમાં નહિ પરંતુ અનેક જન્મોમાં બાળકને જે પિતા વિહોણું બનાવે છે તે બને છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિતા વિહોણો. એક જન્મમાં નહિ પણ અનેક જન્મમાં....

જે અન્યને સુખ આપે છે તેને મળે છે અનેકગણુ સુખ. માત્ર આ જન્મમાં નહિ, અન્ય જન્મોમાં પણ....

અહિંસાનું ફળ છે મીઠું અને મધુરૂ, અહિંસાનું ફળ છે આનંદ-આનંદ, સુખ-સુખ, અને શાંતિ-શાંતિ આપનારૂં.

અહિંસાનું સામ્રાજ્ય સર્વત્ર સ્થપાય અને સૌ એના ફળનો આસ્વાદ અનુભવે એ જ ભાવના.

卐

રોકાણકારો માટે અમુલ્ય તક

# ભાવનગર નાગરિક સહ. બેંક લી.

**હેડ ઓફીસ :** ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર
ફોન : ૪૨૯૦૭૦-ફેકસ નં. ( ૦૨૭૮ ) ૪૨૩૮૮૯

**: શા ખા ઓ :**

| | | | |
|---|---|---|---|
| ડોન-કૃષ્ણનગર | વડવા નેરા ચોક | રૂપાણી - સરદારનગર | ભાવનગર-પરા |
| ફોન : ૪૩૯૭૮૨ | ફોન : ૪૨૫૦૭૧ | ફોન : ૫૬૫૯૬૦ | ફોન : ૪૪૫૭૯૬ |
| રામમંત્ર મંદિર | ઘોઘા રોડ શાખા | શિશુવિહાર સર્કલ | |
| ફોન : ૫૬૩૮૩૨ | ફોન : ૫૬૪૩૩૦ | ફોન : ૪૩૨૬૧૪ | |

| સલામત રોકાણ આકર્ષક વ્યાજ | | સિદ્ધિ | સદ્ધરતા |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૭ ટકા | શેર ભંડોળ | ૩.૭૫ કરોડ |
| ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૮ ટકા | ડીપોઝીટ | ૧૬૩.૮૮ કરોડ |
| ૧૮૦ દિવસથી ૧ વર્ષની અંદર | ૯ ટકા | ધિરાણ | ૮૭.૯૩ કરોડ |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૧૧ ટકા | રીઝર્વ ફંડ તથા અન્ય ફંડો | ૨૧.૨૦ કરોડ |
| ૨ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૧.૫ ટકા | વર્કીંગ કેપીટલ ૨૬૩ કરોડ ઉપરાંત | |
| ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૨ ટકા | : વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ મળો : | |
| ૭૨ માસે ડબલ | | | |

**વેણીલાલ મગનલાલ પારેખ**-ચેરમેન

**એમ. એ. ખંધડીયા**
જનરલ મેનેજર

**નિરંજનભાઈ દલપતરામ દવે**
જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જેઓ અનંત ગુણના ભંડાર છે, ચોત્રીસ અતિશયોના ધારક છે તથા
માનવ જાતિના મહાન ઉદ્ધારક છે, તે શ્રી અરિહંત દેવોને અમારી
કોટિ કોટિ વંદના હો....

卐

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે
તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

**મેસર્સ કાંતિલાલ મગનલાલ શાહ**

**કાપડના વેપારી**

મેઈન રોડ, જોરાવરનગર–૩૬૩૦૨૦ (જિ. સુરેન્દ્રનગર)
: ફોન : (STD. Code–૦૨૭૫૨)
ઓફિસ : ૨૨૮૪૨ / ૨૩૩૨૪ રેસી. ૨૨૦૫૬ / ૩૧૫૨૩

卐

**ફોરસ ટાઇલ્સ પ્રાઈવેટ લિમીટેડ**

નવાગામ, થાનગઢ–૩૬૩૫૩૦ (જિ. સુરેન્દ્રનગર)
ફોન : ૨૦૮૧૧ ૨૦૫૬૫ (STD. Code–૦૨૭૫૧)

Trade Mar No. 750822 Copy Right No. 56029/99

**શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ એકમાત્ર**

વિજયનો **જૈનં સાબુ** વાપરો

અધિકૃત વિક્રેતા :
**વિજય એજન્સી**
ફોન : ૪૨૬૭૨૮
**વિજય સેલ્સ કોર્પોરેશન**
ફોન : ૫૧૬૭૮૨

J


ઉત્પાદક :
**વિજય સોપ એન્ડ ડીટર્જન્ટ ઇન્ડસ્ટ્રીઝ**
મોતીતળાવ રોડ, કુંભારવાડા,
ભાવનગર–૩૬૪૦૦૬
ફોન O. ૫૧૦૪૬૧ R. ૫૬૨૨૮૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માનવતા શત્રુતાને નથી ઓળખતી!....



લેખક : લક્ષ્મીચંદ છ. સંઘવી

દુશ્મન પણ જો દિલાવર હોય તો એ મહાન છે. મિત્ર પણ જો દગાબાજ હોય તો એ અધમ છે. નેક ઝિંદાદિલી જ વીરતાનું પ્રતીક છે.

શીખ અને મોગલ સેનાઓ વારંવાર જંગે ચઢતી હતી. મોગલો સત્તાભૂખ્યા હતા અને શીખો સ્વમાનથી, શૂરાતનથી વતનરક્ષા કરતા હતા.

એવા જ એક ભીષણ સંગ્રામની આ વાત છે. શીખ સેના પૂરી તાકાતથી મોગલોના આક્રમણનો ઉત્તર આપી રહી હતી. તેમનું નેતૃત્વ ગુરુ ગોવિંદસિંહ કરી રહ્યા હતા ગુરુ ગોવિંદસિંહનું નેતૃત્વ સૈનિકોને ઉત્સાહ અને જોશનું બળ આપતું હતું. મોગલ સેના ખૂબ વિશાળ હતી અને તેની પાસે શસ્ત્ર–અસ્ત્ર પણ વ્યાપક પ્રમાણમાં હતા. શીખ સેના પાસે સૈન્યબળ તો ઓછું હતું, શસ્ત્રોની પણ ઓછપ હતી. પરંતુ આ શીખ સૈનિકો કોઇ પગારદારી સૈનિકો નહોતા. રૂડી ધર્મભાવના અને વતનરક્ષા ખાતર મરી ફીટવાની તમન્ના તેમના હૈયે વસેલી હતી.

યુદ્ધમાં બન્ને પક્ષે ઘણા સૈનિકોની ખુવારી થઇ હતી. કેટલાક તો ઘવાયેલી હાલતમાં પડયા હતા.

શીખ સેનામાં કનૈયા નામનો એક સૈનિક હતો.

રણમેદાનમાં ઘવાયેલા સૈનિકોની તે સારવાર કરતો, તેમને પાણી પિવડાવતો અને આશ્વાસન પણ આપતો.

પરંતુ એમણે જોયું કે સામેના મોગલ સૈનિકો પણ પાણી વિના તરફડી રહ્યા હતા. કનૈયાએ શીખ સૈનિકોને તો પાણી પીડાવ્યું પણ પછી મોગલ સૈનિકોને પણ પાણી પીવડાવવાનું શરૂ કર્યું.

આ જોઇને કેટલાક શીખ સૈનિકો નારાજ થયા. જે મોગલો આપણા શત્રુ છે અને આપણને હરાવવા જંગે ચડયા છે તેમને પાણી પીવડાવવાની વળી શી જરૂર ? તેમણે કનૈયાને કહ્યું. 'અરે, તું આ શું કરે છે? જોતો નથી, મોગલ સૈનિકો તો આપણા શત્રુઓ છે, તેમને પાણી પીવડાવીને તેમની સેવા કરવાનો શો અર્થ ?'

કનૈયાએ કહ્યું, 'માનવતા શત્રુતાને નથી ઓળખતી.'

આ સાંભળીને તો શીખ સૈનિકો વધુ અકળાયા. તેમણે ગુરુ ગોવિંદસિંહ પાસે જઇને ફરિયાદ કરતાં કહ્યું. 'આપણો કનૈયો શત્રુઓમાં ભળી ગયો લાગે છે!'

એવું તમે કેવી રીતે કહી શકો છો? ગુરુ ગોવિંદસિંહે પૂછ્યું, 'કનૈયો યુદ્ધભૂમિ ઉપર ઘવાયેલા મોગલ સૈનિકોને પણ પાણી પીવડાવે છે!'

'ઓહ! એ વાત છે?'

'હા, એને યોગ્ય શિક્ષા કરવી જ જોઇએ.' ફરિયાદી સૈનિકોએ રોષપૂર્વક કહ્યું.

'જાઓ, એ કનૈયાને હમણાં જ બોલાવીને મારી સામે હાજર કરો.'

સિપાઇઓ ગયા અને થોડી વારમાં કનૈયાને લઇને ગુરુ ગોવિંદસિંહ સમક્ષ ઉપસ્થિત થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરુ ગોવિંદસિંહે જોયું તો કનૈયાના ચહેરા ઉપર કોઈ જ ભય નહોતો. તેમણે પૂછયું, 'કનૈયા, તારી સામે ફરિયાદ છે તે સાચી છે?'

'ફરિયાદ સાચી છે કે ખોટી એ તો આપે જ નક્કી કરવાનું ને!' કનૈયો બોલ્યો.

'ગદ્દારીની સજા મોત હોય, એ તો તું જાણે છે ને?'

'હા ગદ્દારીની સજા તો મોત જ હોવી જોઈએ. પરંતુ હું નમ્રભાવે કહેવા માગું છું કે મેં કોઈ જ ગદ્દારી કરી નથી' દૃઢ સ્વરે કનૈયો બોલ્યો.

'તો શું તું મોગલ સૈનિકોને પાણી પીવડાવતો હતો, એવી તારી સામેની ફરિયાદ ખોટી છે?'

'જી નહીં! એ ફરિયાદ સાચી છે, પણ એમાં ગદ્દારી ક્યાં આવી? ગદ્દાર તો એ છે કે જે ફરજ ચૂકે...કર્તવ્યની ઉપેક્ષા કરે'

'દુશ્મનોને પાણી પીવડાવીને તેમને જીવાડવા એ શું તારું કર્તવ્ય છે? એ શું તારી ફરજ છે?'

'ગુસ્તાખી માફ કરજો, પરંતુ સત્ય વાત એ છે કે માનવતા જગતનો સૌથી મોટો ધર્મ છે અને માનવતા કદીય શત્રુતાને ઓળખતી નથી. આપ તો શીખ સેનાના માત્ર સેનાપતિ જ નથી, ધર્મગુરુ પણ છો. આપને હું ગદ્દાર લાગુ છું?'

કનૈયાની વાત સાંભળીને ગુરુ ગોવિંદસિંહ પળભર એને તાકી જ રહ્યા. પછી તેને વહાલથી ભેટી પડયા અને બોલ્યા નહીં કનૈયા! તું ગદ્દાર નથી! તારી ભાવના બદલ મને ગૌરવ છે. તું સાચો માનવ છે.

ગુરુ ગોવિંદસિંહે સૈનિકો તરફ જોઈને કહ્યું, ભાઈઓ! શીખ ધર્મ એની વીરતા માટે જગતમાં જાણીતો છે. આપણે સૌએ પ્રસન્ન ભાવે કનૈયાને બિરદાવવો જોઈએ, તેની ભાવનાની વિશાળતાને સમજવી જોઈએ...!

'દૃષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર....

જેમની ભક્તિ સર્વ પ્રકારનાં ભયોનું ભંજન કરનારી છે

અને

સકલ મનોરથની સિદ્ધિ કરનારી છે.

તેવા

શ્રી અરિહંત દેવોને અમારી કોટિ કોટિ વંદના હો.

卐

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

**Indchem Marketing Corporation**

32, Shamaldas Gandhi Marg,
Saraf Mansion, Mumbai-400 002
Phone : 2617367-68

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આશિર્વાદ આવા માંગો ....



સેંકડો વર્ષોથી હજારો નદીઓનો સાગરમાં પ્રવેશ થયો છતાં
આજની તારીખે ય સાગર નદીઓને પોતાનામાં સમાવવા તૈયાર છે....
એ જ રીતે હે પ્રભુ! ગમે તેટલા વર્ષો સુધી ગમે તેટલી વાર
તારા ગુણોની કથા સાંભળું તોય મારા કાન હંમેશા
એ સાંભળવા તત્પર રહે એ જ આશિર્વાદ તારી પાસે માંગુ છું....






શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દિપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) -૪ નિયમ ૮ પ્રમાણે

## "શ્રી જૈન આત્માનંદ પ્રકાશ"

**સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**

૧. **પ્રસિદ્ધિ સ્થળ :** શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર–૩૬૪ ૦૦૧

૨. **પ્રસિદ્ધિ ક્રમ :** દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ.

૩. **મુદ્રકનું નામ :** શાહ ભરતકુમાર છોટાલાલ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : સાધના મુદ્રણાલય,
દાણાપીઠ પાછળ, ભાવનગર–૩૬૪ ૦૦૧

૪. **પ્રકાશકનું નામ :**
શ્રી જૈન આત્માનંદ સભા, વતી
પ્રમોદકાંત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર–૩૬૪ ૦૦૧

૫. **તંત્રીનું નામ :**
શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર–૩૬૪ ૦૦૧

૬. **સામાયિકના માલિકનું નામ :**
શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ; ભાવનગર–૩૬૪ ૦૦૧

આથી હું પ્રમોદકાંત ખીમચંદ શાહ જાહેર કરું છું કે ઉપરની આપેલી વિગતો મારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬–૨–૨૦૦૦

**પ્રમોદકાંત ખીમચંદ શાહ**

## માતા–પિતાની છત્ર છાયા

હયાત માત–પિતાની છત્ર છાયામાં
વ્હાલપનના બે વેણ બોલીને, નીરખી લેજો.
હોઠ અડધા બીડાય ગયા પછી
ગંગાજળ મૂકીને શું કરશો?....
અંતરના આશિર્વાદ આપનારને
સાચા હૃદયથી એક ક્ષણ ભેટી લેજો.
હયાતી નહીં હોય ત્યારે નત મસ્તકે
છબીને નમન કરીને શું કરશો....
કાળની થપાટ વાગશે, અલવિદા એ થઇ જશે,
પ્રેમાળ હાથ પછી, તમારા પર કદિ નહી ફરે.
લાખ કરશો ઉપાય તે વાત્સલ્ય લ્હાવો નહીં મળે
પછી દિવાન ખંડમાં તસ્વીર મૂકીને શું કરશો....
માતા–પિતાનો ખજાનો ભાગ્યશાળી સંતાનને મળે
અડસઠ તિરથ તેના ચરણોમાં બીજા તિરથ ના ફરશો
સ્નેહની ભરતી આવીને ચાલી જશે પલમાં
પછી કીનારે છીપલાં વીણીને શું કરશો....
હયાત હોય ત્યારે, હૈયુ તેનું ઠારજો;
પાનખરમાં વસંત આવે, એવો વ્યવહાર રાખજો.
પંચભૂતમાં ભળી ગયા પછી આ દેહના
અસ્થિને ગંગામાં પધરાવીને શું કરશો....
શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો
હેતથી હાથ પકડીને કયારેક તીર્થ સાથે ફરજો
માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, સનાતન સત્ય છે
પછી રામનામ સત્ય છે બોલીને શું કરશો....
પૈસા ખર્ચતા સઘળું મળશે, મા–બાપ નહીં મળે
ગયો સમય નહીં આવે, લાખો કમાઇને શું કરશો.
પ્રેમથી હાથ ફેરવીને 'બેટા" કહેનાર નહીં મળે,
પછી ઉછીનો પ્રેમ લઇને, આંસુ સારીને શું કરશો.

પ્રાપ્તિસ્થાન : **એચ જે. મોદી**
એલ.આઇ.જી.–૧૫, શાસ્ત્રીનગર, ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash □ જાન્યુ-ફેબ્રુ. : ૨૦૦૦ □ Regd. No. GBV. 31




## ઇંદ્રિયો પર પ્રભુત્વ

स एव धीरो बलवान् स एव
स एव विद्वान् स पुनर्महात्मा ।
निजेन्द्रियाणामुपरि प्रभुत्वं
संस्थापितं येन मनोजयेन ।।

卐

- તેજ ધીર છે, તેજ બલવાન્ છે, તેજ વિદ્વાન્ છે અને તેજ મહાન્ આત્મા છે, જેણે પોતાના મનનો વિજય સાધીને પોતાની ઇન્દ્રિયો પર પોતાનું પ્રભુત્વ સ્થાપિત કર્યું છે.

卐

- He alone is courageous, he alone is vigorous, he alone is learned and he alone is a saint who has got mastery over his senses by subduing his mind.

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only